દા-મેઇલથી

ક્રમાંકઃરાપબો/અ.વિ.પ./૨૦૨૩/ 70702

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલયની સામે,
સેકટર-૨૧, ગાંધીનગર.
તા. ૧૫ /૦૭/૨૦૨૩

પ્રતિ,
સચિવશ્રી
સમગ્ર શિક્ષાની કચેરી,
સેકટર-૧૭, ગાંધીનગર.

વિષયઃ- સિવિલ વર્કસની (સિવિલ ઇજનેર) જગ્યા ભરવા માટેની પરીક્ષાની હોલ ટિકિટ ડાઉનલોડ કરવા બાબત.

સંદર્ભઃ- સમગ્ર શિક્ષાનો તા.૧૧/૭/૨૦૨૩ના પત્રાંકઃસમગ્રશિક્ષા/મકમ/૨૦૨૩/૩૨૦૧૪-૧૬

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્રથી રાજય પરીક્ષા બોર્ડને પરીક્ષા લેવા માટે અધિકૃત કરેલ છે. સદર પરીક્ષા માટે ઓનલાઇન ૧૦૬૬ અરજીઓ આવેલ છે. તથા તા.૨૩/૦૭/૨૦૨૩ના રોજ નિર્ધારીત કરેલ છે. આ પરીક્ષા અમદાવાદ ગ્રામ્ય ખાતે લેવાશે.

આ પરીક્ષાના ઓનલાઇન ફોર્મ આપની વેબસાઇટ પરથી ભરાયેલ હોઇ, પરીક્ષાની હોલટિકિટ તા.૧૭/૦૭/૨૦૨૩થી ડાઉનલોડ થઇ શકશે (હોલટિકિટની સૂચનાઓ સામેલ છે.) તે અંગેની જાણ ઉમેદવારોને થાય તે અર્થે આપની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા વિનંતી છે.

બિડાણઃ હોલટિકિટની સૂચનાઓ

સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા, સેકટર-૧૭, ગાંધીનગર

## સીવીલ ઈજનેર માટેની લેખિત પરીક્ષાની અગત્યની સૂચનાઓ

- ઉમેદવારે લેખિત પરીક્ષા સમયે કરેલ ઓનલાઈન અરજી પર પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો અને ઓરીજનલ સહીવાળી નકલ સાથે ફરજિયાત ઉપસ્થિત રહેવાનું રહેશે. ઓનલાઈન અરજી નહિ હોવાના કિસ્સામાં ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.

- ઉમેદવારે ફરજિયાત ઓળખ માટે આધારકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ તથા ચુંટણી કાર્ડ માંથી કોઈપણ એક ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે. ઉકત ત્રણ માંથી કોઈપણ ઓળખકાર્ડ ન હોવાના કિસ્સામાં ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.

- આપની પ્રાથમિક લેખિત પરીક્ષામાં શરતી ઉપસ્થિતિથી આપની પસંદગી માટેના કે/પાત્રતા માટેના હકક દાવા પ્રસ્થાપિત થઈ જતાં નથી.

- આ લેખિત પરીક્ષા ફકત એક તબકકામાં યોજવામાં આવશે.

- આ લેખિત પરીક્ષા હેતુલક્ષી પકારની સીવીલ વિષય સંબંધિત પ્રશ્નપત્ર રહેશે.

- આ લેખિત પરીક્ષા ૧૦૦ ગુણની રહેશે. તેમજ સમય ૧ કલાક ૩૦ મિનિટનો રહેશે.

- આ લેખિત પરીક્ષા ઉમેદવારને કોમ્પ્યુટરાઈઝડ ખાસ પ્રકારની જવાબવાહી (**O.M.R. Answer Sheet**) આપવામાં આવશે.

- આ લેખિત પરીક્ષામાં બધા પ્રશ્નો હેતુલક્ષી હશે. દરેક પ્રશ્નોના જવાબમાં **A, B, C, D** અને **E** એમ પાંચ વિકલ્પ આપવામાં આવશે. પાંચમો વિકલ્પ **E "Not attempted"** તરીકેનો રહેશે.

- ઉમેદવાર જે પ્રશ્નના જવાબ માટે પાંચમો વિકલ્પ **E "Not attempted"** એનકોડ કરેલ હશે તો તે પ્રશ્નના 'શૂન્ય' ગણાશે. તે પ્રશ્ન માટે કોઈ નેગેટીવ ગુણ કાપવામાં આવશે નહિ.

- ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવાહી (**O.M.R. Answer Sheet**) માં સબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ **A, B, C, D** કે **E** ના વર્તુળને પુરેપુરૂ ભૂરી/કાળી શાહીના બોલપેન થી ડાર્ક કરવું. આ સિવાયની કોઈપણ કલરની શાહીનો બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસમાં આવશે નહિ અને આપોઆપ શૂન્ય ગુણ આપવામા આવશે.

- એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.

- પ્રશ્નપત્રની કેટેગરી **A, B, C, D O.M.R.** માં યોગ્ય રીતે દર્શાવવાની રહેશે.

- આ લેખિત પરીક્ષામાં પ્રત્યેક ખોટા જવાબ, એક થી વધુ જવાબના કિસ્સામાં તથા એકપણ વિકલ્પ એનકોડ નહિ કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના ૦.૩ ગુણ કુલ મેળવેલ ગુણમાંથી બાદ કરવામાં આવશે. એટલે કે ખોટો જવાબ માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.

- ઉમેદવારે લેખિત પરીક્ષા શરૂ થવાના એક કલાક પહેલા પરીક્ષા કેન્દ્ર ઉપર પહોંચવાનું રહેશે. પરીક્ષા શરૂ થયા બાદ કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહિ.

- ઉમેદવારને પોતાની સાથે સેલ્યુલર ફોન, ટેબલેટ, પેજર અથવા બીજા કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના ઈલેકટ્રોનીકસ–બ્લયુટુથ સાધનો સ્માર્ટ વોચ, બટન પેન જેવા કોઈપણ પ્રકારના કેમેરા પરીક્ષા ખંડમાં લઈ જવા નહિ. જેના ભંગ બદલ ઉમેદવાર શિક્ષાને પાત્ર બનશે.

- ઉમેદવાર લેખિત પરીક્ષામાં કેલકયુલેટરનો ઉપયોગ કરી શકશે નહિ.

- **O.M.R. Answer Sheet** માં જવાબો લખતાં પહેલા **O.M.R. Answer Sheet** અને પ્રશ્નપુસ્તિકા પરની સૂચનાઓ ધ્યાનથી વાંચવી.

- **O.M.R. Answer Sheet** માં લખવા માટે ભૂરી (બ્લુ) અથવા કાળી (બ્લેક) બોલપોઈન્ટ પેનનો જ ઉપયોગ કરવો. પેન્સિલનો ઉપયોગ બિલકુલ કરવાનો રહેશે નહિ. વ્હાઈટ ઈંક, ઈરેઝર કે બ્લેડનો પણ ઉપયોગ કરવાનો રહેશે નહિ.

- ઉકત લેખિત પરીક્ષામાં આવનાર ઉમેદવારે તેમના પોતાના સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

- આ લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આ કચેરીનો નિર્ણય આખરી ગણાશે અને કચેરીના નિર્ણય સામે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહિ.

- આ લેખિત પરીક્ષાનું પરીણામ સમગ્ર શિક્ષાની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

- મેરીટ લિસ્ટ વગેરે માટે ઓનલાઈન **http://www.ssagujarat.org** વેબસાઈટ જોતા રહેવાની રહેશે. અલગથી કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

- રાજય પરીક્ષા બોર્ડ ધ્વારા માત્ર લેખિત કસોટી લેવામાં આવશે. ભરવામાં આવેલ ફોર્મની વિગતો,લાયકાત/રજીસ્ટર ડોક્યુમેન્ટ વગેરે ભરતી સંદર્ભે તમામ બાબતોનો નિર્ણય સમગ્ર શિક્ષા ધ્વારા લેવાશે.